**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૧૭ ટકા

# શહેરમાં સિનેમાઘરોમાં તેજીનો માહોલ

## 'RRR' અને 'KGF-2' રીલીઝ થતા પ્રેક્ષકોની સંખ્યામાં વધારો : શહેરીજનો એક કરતા વધુ વખત આ ફિલ્મો જોવાનું પસંદ કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૧૬


શહેરમાં સિનેમાઘરોમાં દર્શકોની કતાર લાગી રહી છે. ઘણા સમય બાદ શહેરના સિનેમાઘરોમાં ભીડ જેવો માહોલ બનવા પમ્યો છે. જેનું કારણ બે ફિલ્મ 'RRR' અને 'KGF-2' છે. શહેરીજનો ફિલ્મ રિલિઝ થઈ તે જ દિવસથી થિયેટરોમાં પ્રેક્ષકોની લાંબી કતાર થઈ રહી છે.

૨૦૧૭માં ફિલ્મ બાહુબલી ધ કન્કલ્યુઝન દ્વારા દર્શકોને મંત્રમુગ્ધ કરનારા ડાયરેકટર એસ એસ રાજમૌલીએ પાંચ વર્ષ બાદ ફરીથી દર્શકોને સિનેમાનો જાદુ બતાવ્યો છે. જુનિયર એનટીઆર અને રામ ચરણ જેવા સાઉથ સુપરસ્ટાર્સ લીડ રોલમાં હોય ત્યારે દર્શકો થિયેટર સુધી જવાના એ વાત તો નક્કી જ હોય પરંતુ રાજમૌલીની ફિલ્મોની વાર્તા પણ દિલમાં ઉતરી જાય તેવી હોય છે.

'RRR' નો ફર્સ્ટ હાફ ઘડિયાળના કાંટે ચાલતો હોય તેવો લાગે છે. મલ્લી ફિલ્મમાં ઈમોશનલ ટચ આપે છે ગીતો છે અને 'નાટુ નાટુ'માં રામારાજુ અને ભીમને ડાન્સ કરતાં જોઈને ચહેરા પર સ્માઈલ આવી જાય છે.

કોમર્શિયલ ફિલ્મ, એકશન




ડ્રામા અને સંપૂર્ણ મનોરંજન ફિલ્મ પુરી પાડવામાં રાજમૌલી એકંદરે સફળ રહ્યા છે. આ ફિલ્મમાં જુનિયર એનટીઆર, રામચરણ, અજય દેવગણ, આલિયા ભટ્ટ, ઓલિવયા મોરિસ, રે સ્ટીવન્સન, એલિસન ડૂડી એકટર વિવિધ કીરદારમાં છે. ૩ કલાક ૩ મિનિટનું 'RRR' મુવી છે.

કન્નડ સ્ટાર યશની ફિલ્મ 'KGF ચેપ્ટર-૨' રિલીઝ થઈ ત્યારથી જ તેની દિવાનગીમાં ઉમેરો થયો હતો. 'KGF' રિલીઝ થયા બાદથી જ ફેન્સ ફિલ્મના બીજા ભાગની રાહ જોઈ રહ્યા હતા આખરે બીજો ભાગ ૧૪ એપ્રિલે રિલીઝ થયો છે. ફિલ્મી સ્ટાઈલના એકશન, ભારે ભરખમ સ્ટંટ અને ડાયલોગબાજીને માણવા માટે 'KGF ચેપ્ટર-૨' મુવી જોવા માટે સિનેમાઘરોમાં ફુલ ટિકીટ બુકીંગ થઈ રહ્યું છે.

યશ, સંજય દત્ત, શ્રીનિધિ શેટ્ટી, રવિના ટંડન, પ્રકાશ રાજ 'KGF-2' મુવીમાં એકટર તરીકે વિવિધ રોલ પ્લે કરી રહ્યા છે. આ ફિલ્મ ૨ કલાક ૪૮ મિનિટની છે.

શહેરના દરેક થિયેટરોમાં 'RRR' અને 'KGF-2' ફિલ્મ જોવા માટેના દર્શકોની સંખ્યા વધારે જોવા મળી રહી છે. શહેરીજનો મિત્રો સાથે ફિલ્મો નિહાળી રહ્યા છે. આ બંને મુવીના દરેક શૉ ફુલ થઈ રહ્યા છે.

સતત બે વર્ષથી કોરોના મહામારીના કારણે કોઈ સારી ફિલ્મો રિલિઝ થઈ નહોતી તેથી સિનેમાઘરોમાં કાગડા ઉડતા હોય તેવો મહોલ હતો જયારે આ બે મુવી રિલિઝ થતાંની સાથે થિયેટરોમાં ભીડ ઉમટી રહી છે. ઓનલાઈન બુકીંગમાં પણ ધૂમ ટિકિટનું બુકીંગ ચાલી રહ્યું છે. જેથી થિયેટર માલિકોમાં પણ આનંદ છવાયો છે.

## જન્મદિને વધામણી




**જી પી. પટેલ**
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**રમેશભાઈ એચ. પાઠક**
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**ક્રિષ્ન ભાવિક રાવલ**



**એમ.જી.ચૌહાણ**
પૂર્વ ઉપપ્રમુખ
સંત રોહીદાસ સેવા સમાજ
મો. ૯૪૨૮૦ ૪૯૫૬૦

## ભાજપના સિનિયર દલિત આગેવાન મુકેશ પરમારની રાજય સરકારમાં 'મહાત્મા ગાંધી એવોર્ડ પસંદગી' સમિતિમાં સદસ્ય તરીકે નિમણુંક




ગાંધીનગર, તા.૧૬

ગુજરાત સરકારના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આર. પાટીલ તેમજ કેબિનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર, ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલની ભલામણથી કલોલ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ, ગુજરાત પ્રદેશ ભાજપ અનુ. જાતિ મોરચાના કારોબારી સભ્ય, ભાજપના સિનિયર, સંનિષ્ઠ કાર્યકર, દલિત આગેવાન 'મુકેશ પરમાર'ની રાજય સરકારમાં 'મહાત્મા ગાંધી એવોર્ડ પસંદગી' સમિતિમાં સદસ્ય તરીકે નિમણુંક કરવામાં આવી હતી. તેથી કલોલ ભાજપાના કાર્યકરોમાં અને દલિત સમાજમાં આનંદની લાગણી વ્યાપી હતી.




ચૂંટણીનું વર્ષ આવતા ગુજરાતમાં રાજકીય ગતિવિધિઓ વધી ગઈ છે. પંજાબમાં ચૂંટણી જીત્યા બાદ આમ આદમી પાર્ટી ગુજરાતની ચૂંટણીમાં સારો દેખાવ કરવા તૈયારી કરી રહી છે. હમણાં હમણાં ગુજરાતનો શિક્ષણનો મુદ્દો ખુબ ચગ્યો છે ત્યારે આમ આદમી પાર્ટીએ શિક્ષણ સંબંધિત ફિરયાદો માટે ૯૫૧૨૦૪૦૪૦૪ નંબર જાહેર કર્યો છે. શિક્ષણ સંબંધિત કોઈ પણ રજૂઆત આ નંબર પર થઈ શકશે.

## રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા 'આર્ટ એક્ઝિબિશન'ની શૈક્ષણિક મુલાકાત

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલના ધોરણ ૫-૧૦ ના વિદ્યાર્થીઓએ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા દ્વારા આયોજિત આર્ટ એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી. પ્રદર્શનની શરૂઆત એક કલાકાર અને પ્રતિનિધિ શ્રીમતી મીરા વોરિયર દ્વારા વાર્તાલાપ સાથે થઈ જેણે વિચારશીલ વિચારો પર તેમના મંતવ્યો શેર કર્યા હતા. આ પ્રદર્શન વિદ્યાર્થીઓ માટે ભારતના વિવિધ કલા સ્વરૂપોની ઉત્ક્રાંતિને શીખવા અને અન્વેષણ કરવા માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થયું હતું. ત્યાં શિલ્પ વિભાગ હતો જે એક આકર્ષણનું કેન્દ્ર હતું. આનાથી વિદ્યાર્થીઓને તેમના સર્જનાત્મક વિચારોનું અન્વેષણ કરવામાં અને સમજ મેળવવામાં મદદ મળી હતી.




## Z પ્લસમાં હનુમાન જન્મોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા.૧૬

Z પ્લસ સોસાયટીમાં હનુમાન જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બપોરે હનુમાન દાદાને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. દરેક રહીશોએ એક એક વાનગી હનુમાનજીને અન્નકૂટમાં ધરાવી હતી અને જન્મદિવસની ઉજવણી રૂપે કેક રહીશો દ્વારા મુકવામાં આવી હતી. આમ સુંદર રીતે સાજ શણગાર કરીને હનુમાન દાદાનો આંકડાના ફૂલની હારમાળા પહેરાવીને સજાવ્યા હતા અને હનુમાન જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

## શારીરિક શિક્ષણ વિભાગ સાદરાનાં ૩૨મો વાર્ષિક ખેલકૂદ રમતોત્સવ યોજાયો

### આંતરરાષ્ટ્રીય ખેલાડી બાબુભાઈ પણુચાએ ૨૦૨૪નાં ઓલિમ્પિક મેડલ માટે દ્રણ સંકલ્પિત

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત વિધાપીઠના સાદરાના શારીરિક શિક્ષણ વિભાગ સાદરાનાં ૩૨મો વાર્ષિક ખેલકૂદ રમતોત્સવ ખુબજ ધામધૂમથી યોજાયો જેમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. અર્જુનસિંહ રાણા, કુલપતિશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર હાજર રહ્યા હતા અતિથિ વિશેષ તરીકે શ્રી બાબુભાઈ પણુચા, આંતરરાષ્ટ્રીય ખેલાડી - ખેલકૂદ (વર્લ્ડ રેસ વોકિંગ ચેમ્પિયનશિપ - કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સ) ઉપસ્થિત હતા અન્ય મેહમાન તરીકે ડૉ. અરુણભાઈ ગાંધી સંયોજકશ્રી, રાસેયો, ગૂજરાત વિદ્યાપીઠ, શ્રી રમેશ ભાઈ પટેલ - સંયોજકશ્રી, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરા, શ્રી તેજસ ભાઈ ઠાકર - આચાર્યશ્રી,





પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, સાદરા , ડૉ. જગદીશચંદ્ર ગોઠી - ટ્રસ્ટીશ્રી, ગૂજરાત વિધાપીઠ હાજર રહ્યા હતા મહેમાનોનું સ્વાગત સુતની આટીયો, ગાંધી પુસ્તક અને ખાદીનાં રૂમાલ દ્વારા આંતર ગૃહ સ્પર્ધા સમિતિનાં કન્વીનર શ્રી તથાગત પ્રિયદર્શી, મંથન મિસ્ત્રી, જીનલ વ્યાસ, સરીલા પાડવી, કૃણાલ ઝાલા, પ્રવીણ રાઠોડ અને તન્વી બોઘરા દ્વારા કરવામાં આવ્યું હતું. ૩૨મો વાર્ષિક ખેલકૂદ રમતોત્સવની રૂપરેખા આ વર્ષનાં આંતર ગૃહ સ્પર્ધા સમિતિનાં અધ્યક્ષ ડૉ. વિજય મકવાણાએ આપી હતી સ્વાગત પ્રવચન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ આપ્યું હતું અધ્યક્ષીય સંબોધન ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલીયાએ આપ્યું હતું ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક અને રમતોને લગતા નિદર્શનોની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી શ્રી બાબુભાઈ પણુચા, આંતરરાષ્ટ્રીય ખેલાડી પોતાના સંબોધનમાં કહ્યું કે કોઈ પણ રીતે એ તૈયારી કરી રહ્યા છે વર્ષ ૨૦૨૪નાં ઓલિમ્પિક રમતો માટેની અને બાબુભાઈ પણુચા ભારત માટે મેડલ જીતવા માટે દ્રણ સંકલ્પિત છે.

## બીબીએ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા પ્રભાશંકર પટ્ટણીના જીવનચરિત્ર પર વ્યાખ્યાનનું આયોજન

### ગાંધીજી ને ગોળમેજી પરિષદ દ્વિતીયમાં પોતાની સાથે લઈ જવા માટે તૈયાર કરવામાં તેઓનું વિશેષ યોગદાન

ગાંધીનગર, તા.૧૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) NSS યુનિટ દ્વારા સાહિત્ય જગતનું ઉજવવળ નામ અને પ્રભાશંકર જીના જન્મજયંતી નિમિતે વિદ્યાર્થીઓ તેઓના જીવન ચરિત્ર વિષે જાણે અને તેને પોતાના જીવન માં ઉતારવા નો પ્રયત્ન કરે આવા ઉમદા હેતુ થી કોલેજ દ્વારા કાર્યક્રમનું ઓનલાઈન આયોજન થયું હતું. કોલેજ તરફથી ઉપાચાર્ય ડૉ.જયેશ તન્ના દ્વારા સમગ્ર આયોજન બાબતે સંકલન કરવામાં આવ્યું હતું. તેમજ કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિ દ્વારા કાર્યક્રમ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રભાશંકરજીના




જીવનમાંથી પ્રેરણા લેવા જણાવ્યુ હતું. કુલ એનએસએસ ના વોલીયંટર્સ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કોલેજ તરફ થી આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદશન હેઠળ ઉપાચાર્ય તેમજ ઉપાચાર્ય અને પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને સમગ્ર કોલેજ પરિવાર ના સહયોગ દ્વારા કાર્યક્રમ આયોજિત થયો હતો.

## આજે સે-૧૩-બીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૬

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સેકટર-૧૩-બી પ્લોટ નં. ૮૮૨/૧માં સરલાબેન રાણાભાઈના નિવાસસ્થાને ૧૭ એપ્રિલે બપોરે ૨ થી ૫ કલાક સુધી આનંદનો ગરબો યોજાશે તો સર્વે ભાવિ ભકતોને પધારવા પ્રફુલ્લાબેન ભાવસારે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

## વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા શ્રી હાટકેશ્વર મહાદેવ પાટોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં વસતા વડનગરા નાગર ગૃહસ્થોની સંસ્થા શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા તારીખ ૧૭ને રવિવારના રોજ શ્રી હાટકેશ્વર દાદા નો પાટોત્સવ ઉજવવામાં આવશે. જેના અંતર્ગત ૩:૩૦ થી લઘુરુદ્ર યોજાનાર છે અને ત્યારબાદ શ્રી હાટકેશ્વર દાદાના મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર કાર્યક્રમ સેકટર-૨૭ ના રંગમંચ ખાતે યોજવામાં આવનાર છે. શ્રી વડનગરા નાગર મંડળની કારોબારી સમિતિ દ્વારા દરેક વડનગરા નાગર ગૃહસ્થોને આ પ્રસાદીમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. શાહ સરોજબેન કનૈયાલાલ,** ઉ.વ. ૬૦, પેથાપુર
- **સ્વ. ઠાકોર જય ચંદ્રસિંહ,** ઉ.વ. ૩૦, સેકટર-૭
- **સ્વ. સોલંકી શાંતાબેન ગાંડાજી,** ઉ.વ. ૮૮, ડભોડા

# શહેરમાં લીંબુના ભાવમાં સતત વધારો

## રૂ. ૨૦૦ પ્રતિ કિલો સુધી પહોંચેલા લીંબુના ભાવ હજી વધશે : દરેક જગ્યાએ લીંબુના ભાવ અલગ અલગ નોંધાઈ રહ્યા છે કયાંક ૨૦૦ રૂ. તો કયાંક ૩૦૦ રૂ. પ્રતિ કિલો જયારે ગાંધીનગરમાં સે-૨૧માં ૨૦૦ રૂ. પ્રતિ કિલો લીંબુ વેચાઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં મોંઘવારીના કારણે ગરમીમાં શકિત વધારતા લીંબુના ભાવ પેટ્રોલના ભાવ કરતાંય મોંઘા થઈ જતા શહેરીજનોને તમ્મર લાવી દીધા છે. લીંબુના ભાવ રૂ. ૨૦૦ થઈ ગયા છે જેથી રસોડામાં લીંબુનું સ્થાન લીંબુના ફૂલ અને આમલીએ લઈ લીધું છે. હોટલ-રેસ્ટોરામાં પણ લીંબુ પીરસવાનું બંધ થઈ ગયું છે. લીંબુના ભાવ જેટલા વધ્યા છે તેની સામે ફળના ભાવ ઘણા ઓછા છે. ૧ કિલો લીંબુના ભાવમાં તો બીજા ઘણા બધા ફળો ખરીદી શકાય છે.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં લૂ અને ગરમી લાગવા સહિતની બાબતોથી રક્ષણ એક માત્ર લીંબુ પાણી આપે છે. પરંતુ હાલમાં બજારમાં લીંબુના ભાવ સાંભળીને શહેરીજનોને આર્થિક લૂ લાગી જાય તેવી સ્થિતિ બની ગઈ છે ત્યારે બજારમાં લીંબુના ભાવ હાલમાં વેચાતા તમામ પ્રકારના ફળના ભાવ કરતાં વધારે છે. આથી લીંબુ ખાવા કરતાં ફળ ખાવા શહેરીજનોને વધારે અનુકૂળ બની રહેશે.

ચાલુ વર્ષે ઉત્પાદનની સામે બજારોમાં લીંબુની માંગ વધારે રહેતાં ભાવ ઉંચકાયા છે તેમ વેપારીઓનું કહેવું હતું. જો કે લીંબુના ભાવ આગામી સમયે પણ ઘટે તેમ નથી. બજારમાં બે પ્રકારના લીંબુ વેચાઈ રહ્યા છે. જેમાં નાનાં લીંબુના ભાવ પ્રતિ કિલો રૂ. ૧૫૦ થી ૨૦૦ અને રહ્યા છે.

**પ્રતિ કિલો ફળના ભાવ**

| ફળ | ભાવ |
|---|---|
| નારંગી | ૮૦ રૂ. |
| સફરજન | ૨૦૦ રૂ. |
| દ્રાક્ષ | ૧૨૦ રૂ. |
| ટેટી | ૪૦ રૂ. |
| તડબૂચ | ૩૦ રૂ. |
| મોસંબી | ૮૦ રૂ. |
| કેરી | ૨૦૦ રૂ. |
| ચીકુ | ૬૦ રૂ. |
| કેળા | ૫૦ના ડઝન |
| દાડમ | ૧૦૦ થી ૧૨૦ રૂ. |



મોટા લીંબુનો ભાવ પ્રતિ કિલો રૂ. ૩૦૦ થી ૩૨૦માં વેચાઈ

હોલસેલ માર્કેટમાં પણ લીંબુનો ભાવ ઊંચો છે. કાળઝાળ ગરમી પડતી હોવાથી શહેરીજનો લીંબુનું શરબત બનાવીને પીતા હોય છે. પરંતુ લીંબુના વધતા ભાવે શહેરીજનોના દાંત ખાટા કરી દીધા છે.

ઉનાળામાં લીંબુમાંથી બનતી સિકંજીનું વેચાણ વધતું હોય છે ત્યારે લીંબુ મોંઘાં થતાં ફેરિયાઓ સિકંજીમાં લીંબુના બદલે લીંબુના ફુલ નાંખીને વેપાર કરી રહ્યા છે.

સોશિયલ મિડીયામાં તો લીંબુના ભાવના કટાક્ષના જોકસ અને મીમ્સ વહેતા થયા છે. લીંબુના ભાવને હવે નાગરિકો સોશિયલ મિડીયામાં મજાક બનાવી રહ્યા છે. સોશિયલ મીડિયામાં સૌથી વધુ ફેલાયેલો જોકસ એ છે કે 'દરેક રસોઈની રેસીપી પણ બદલાઈ મરચું, મીઠું સ્વાદ પ્રમાણે લીંબુ ત્રેવડ પ્રમાણે નાંખવું.'